ફોજદારી કેસ નં. ૩૯૬/૨૦૧૪

**આંક ૧ નીચે હુકમ**

ફરીયાદીએ આ ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરેલ છે. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સમરી ટ્રાયલ/સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાની રહે છે. કાયદાના સીધ્ધાંત અનુસાર ખાનગી ફરીયાદ જે ફરીયાદીએ દાખલ કરેલ હોય તે ફરીયાદીએ દરેક મુદતે હાજર રહેવું ફરજીયાત છે. સીઆર.પી.સી. કલમ ૨૫૬ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો જયારે ફરીયાદી અદાલત સમક્ષ ઉપસ્થિત રહે નહીં ત્યારે અદાલત ફરીયાદીની ગેરહાજરીના કારણે ફરીયાદ કાઢી નાખવાનો હુકમ ફરમાવી શકે છે.

હાથ પરના કીસ્સામાં આરોપી પરનુ મુ.તા.૧૮/૬/૨૦૧૬ નુ જામીનલાયક વોરન્ટ આરોપી મકાન ખાલી કરી જતા રહેલ હોવાના શેરા સાથે વગર બજેલ પરત ફરેલ છે, તા.૨૯/૫/૨૦૧૮ નુ જામીનલાયક વોરન્ટ મકાન બંધ ને બંધ રહે છે તેવા કારણસર પરત ફરેલ છે. ફરીયાદી ધ્વારા આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ નથી કે ફરીયાદી જાતે અથવા તો તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ નિયમીત રીતે ઉપસ્થિત રહી હેતુલક્ષી કાર્યવાહી આગળ ચલાવતા નથી. રેકર્ડ વંચાણે લેતાં ફલીત થાય છે કે મુ.તા.૧૪/૨/૨૦૧૯ નુ ફરીયાદી પર જામીનલાયક વોરન્ટ ઈસ્યુ કરવાની ફરજ પડેલ, બાદ તા. ૬/૩/૨૦૧૯ ના રોજ ફરીયાદી જાતે અદાલત સમક્ષ ઉપસ્થિત રહેલ અને ફરીયાદીએ તેમના વકીલશ્રી હાજર રહેતા ન હોવાથી વકીલ બદલવા મુદત માંગતી અરજી (આંક ૧૫) રજુ કરેલ. બાદ ફરીયાદી તા.૪/૫/૨૦૧૯, તા. ૨૦/૬/૨૦૧૯ ના રોજ અદાલતમાં ઉપસ્થિત રહેલ નથી. તારીખ : ૨૧/૬/૨૦૧૯ ના રોજ ફરીયાદી જાતે અદાલતમાં ઉપસ્થિત રહેલ પરંતુ કોઈ હેતુલક્ષી કાર્યવાહી અનુસરેલ નહીં. બાદ તા.૬/૭/૨૦૧૯ ના રોજ ફરીયાદી હાજર રહેલ નથી, તેમના વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ હેતુલક્ષી કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આ કેસ ૨૦૧૪ ના વર્ષનો છે. ઉપરોકત દર્શાવેલ રેકર્ડની પરીસ્થિતી હોવા છતાં ફરીયાદી ધ્વારા હેતુલક્ષી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ફરીયાદીના આવા વર્તન પરથી ફરીયાદીને હવે આ ખાનગી ફરીયાદ આગળ ચલાવવામાં કોઈ રસ રહયો ન હોય તેમ જણાઈ આવે છે. આમ, જો આ ફરીયાદ

પેન્ડીંગ રાખવામાં આવે તો ભવિષ્યમાં લાંબા સમય સુધી આ કેસ વગર કોઈ કાર્યવાહી થયે પડી રહે તેમ છે. ફરીયાદીની હાજરી વગર આ કામની આગળની ઈન્સાફી કાર્યવાહી ચાલી શકે તેમ ન હોઈ, ફરીયાદીની ગેરહાજરીના કારણે ફરીયાદીની ફરીયાદ સીઆર.પી.સી. કલમ ૨૫૬ ની જોગવાઈ અન્વયે કાઢી નાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજની નેશનલ લોક અદાલતમાં જાહેર થયેલ સ્પેશીયલ સીટીંગમાં કરવામાં આવ્યો.

તા.૧૩/૭/૨૦૧૯
વડોદરા

**(સુશીલ ભગવંતરાય ભટ્ટ)**
૧૨મા અધિક સિની. સિવિલ જજ અને
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
**JUDGE CODE : GJ-00857**